# IAM GYPSY

**Kumarakom - Houseboat tourism**

**Date :** 13.7.2020 | **Edition : National** | **Page :** 32 | **Clip size (cm) : W:** 17 **H:** 22

---



પ્રાકૃતિક અજાયબીઓનો કેરળ પાસે તોટો નથી. વયનાડ પ્રાંતની ગાઢ વનરાજી ('જિપ્સી' અંક નં. ૧૦), ચાનાં લીલાંછમ બગીચાઓથી આચ્છાદિત ગિરિમથક મુન્નાર (અંક નં. ૭), પેરિયાર સરોવર અને તેની આસપાસની વૈવિધ્યપૂર્ણ જીવસૃષ્ટિ (અંક નં. ૧૪), વર્કલા સમુદ્રતટની ભૂસ્તરીય ધરોહર ચટ્ટાનો (અંક નં. ૧૮) વગેરે પૈકી સૌથી લોકપ્રિય અજાયબી હોય તો બેકવૉટર્સ! કેરળને અરબી સમુદ્રનો ૫૮૦ કિલોમીટર લાંબો દરિયાકાંઠો છે, જેના અમુક વિસ્તારોમાં સમુદ્રના ખારા પાણીને સ્પર્શતી ભૂમિના સહેજ અંતરિયાળ ભાગોમાં કુલ મળીને ૩૮ નદીઓના મીઠા પાણી વડે પાંચ મોટાં સરોવરો તથા સંખ્યાબંધ જળાશયો રચાયાં છે. ક્યાંક વળી દરિયાનું ખારું પાણી lagoon/ ખાડી સ્વરૂપે છે. આવાં જળાશયોએ રચેલી સાંકડી નહેરોની ગલીકૂંચી કુલ કેટલી એ તો કોને ખબર, પણ તેમનો કુલ વ્યાપ ૯૦૦ કિલોમીટર કરતાં ઓછો નથી.

આ નહેરો મારફત સ્થાનિક લોકોનો રોજિંદો નૌકા ટ્રાફિક ચાલે છે, જ્યારે પર્યટકો તેમાં નૌકા વિહારનો આનંદ માણે છે. બેકવૉટર્સ અને તેમાં તરતા ફિરતા ઘર જેવી હાઉસબોટ કેરળની આગવી ઓળખાણ છે. આથી જ કેરળ આવતા પર્યટકોના લિસ્ટમાં બેકવૉટર્સના કિનારે આવેલા રિસોર્ટ્સ અથવા હાઉસબોટ ખાતે ૧-૨ દિવસ તો અચૂક ફાળવેલા હોય છે. મોટા ભાગના પર્યટકો એ કાર્યક્રમ પૂરો કરીને બેકવૉટર્સ 'પતાવી' દીધાનો સંતોષ અનુભવે છે, પરંતુ ખરેખર તો બેકવૉટર્સની આસપાસનાં ગામો-નગરોનો ઇતિહાસ, સ્થાપત્યો, સ્થાનિક લોકોની સંસ્કૃતિ, ખાણીપીણી વગેરે બધું રસ પમાડે તેવું હોય છે.

તિરુવલ્લમ્, અલપુઝ્ઝા એટલે કે એલેપ્પી, કોઝિકોડ યાને કલિકટ, કોચીન, કસારાગોડ

**કેરળને કુદરતે એકથી એક ચડિયાતી પ્રાકૃતિક સંપદાઓ વડે મઢ્યું છે, પણ પર્યટકોમાં સૌથી વધુ આકર્ષણ મનમોહક બૅકવૉટર્સની સહેલ તથા હાઉસબોટમાં રોકાણનું હોય છે. દરિયાકાંઠાથી અંતરિયાળ ભાગોમાં નદીના મીઠા પાણી વડે તેમજ દરિયાના ખારા પાણી વડે બનેલા બૅકવૉટર્સ માણવાનાં સ્થળોમાં કુમારકમ આગળ પડતું સ્થાન ધરાવે છે.**

# IAM GYPSY

**Kumarakom - Houseboat tourism**

**Date :** 13.7.2020 | **Edition : National** | **Page :** 32 | **Clip size (cm) : W:** 17 **H:** 22



# IAM GYPSY

**Kumarakom - Houseboat tourism**

**Date :** 13.7.2020 | **Edition : National | Page :** 32 | **Clip size (cm) : W:** 17 **H:** 22

---

